# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day:Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) રાજ્યભરમાં 7થી 15મી ઓક્ટોબર સુધી યોજાયેલી વિકાસ સપ્તાહની ઉજવણી સંપન્ન. - સમાપન પ્રસંગે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા
2) ગુજરાત માધ્યિમક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનો વર્ષ 2025નો પરીક્ષાનો કાર્યક્રમ જાહેર – 27 ફેબ્રુઆરીથી 25 માર્ચ દરમિયાન યોજાશે પરીક્ષા.
3) પોરબંદરના નવીબંદર તેમજ ગીર સોમનાથના ધામલેજ અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને અંદાજે 45 કરોડ, 50 લાખ રૂપિયાથી વધુના ખર્ચે પુનઃવિકસિત કરાશે.
4) કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા બનાસકાંઠાના વાવની ખાલી પડેલી વિધાનસભાની બેઠક માટેની પેટાચૂંટણી જાહેર થતા આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ.
5) દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં આજે પવન સાથે વરસાદની આગાહી.

---

# Vikas week

રાજ્યભરમાં સાતથી 15 ઓકટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી થઈ હતી. વિકાસ સપ્તાહની ઉજવણીના સમાપનના ભાગરૂપે ગઈકાલે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

જે અંતર્ગત ગઈકાલે ભૂજ ખાતે યોજાયેલી પદયાત્રાના સમાપન બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે 58.71 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ  અને ખાતમૂર્હુત કરાયું હતું.

લુણાવાડા ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકડાયરા થકી લોકોને સરકારની વિવિધ યોજનાની માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં યોગ, ભજન, ગરબા, ગીતો જેવી વિવિધ કૃતિઓ પ્રસ્તૃત કરાઈ હતી. પાવાગઢ ખાતે યોજાયેલી વિકાસ પદયાત્રા બાદ મંત્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે હાલોલ નગરપાલિકાના 22.81 કરોડના 77 વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું. ગોધરા તાલુકાના ધોળાકૂવા ખાતે પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ યોજાઈ હતી.

ભાવનગર ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી નિમુબેન બાંભણિયા સહિત પદાધિકારી અને અધિકારીઓએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધઈ હતી.

ડાંગ જિલ્લાના ગલકુંડ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત 61.8 કરોડ રૂપિયાના ખર્ચે 17 વિકાસ કામોનું ખાતમૂર્હુત કરાયું, તો વઘઈ ખાતે ઉદ્યોગ સાહસિકતા વિષય પર આયોજિત કાર્યક્રમમાં ઉદ્યોગો તથા બેન્કિંગ સેવાઓ અંગે માર્ગદર્શન અપાયુ હતું.

..........................................................................................................................

# GARBA

ગાંધીનગર મહાનગરપાલિકા વિકાસ સપ્તાહના અંતિમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

જેમાં મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નવરાત્રી દરમિયાન સાતેય ઝોનમાં યોજાયેલી ગરબા સ્પર્ધાના વિજેતાઓનો ઇનામ વિતરણનો કાર્યક્રમ ભદ્ર ખાતે યોજાયો હતો.

સાતેય ઝોનના વિજેતાઓમાંથી પદ્મ ગરબા સ્પર્ધાના વિજેતાને રોકડ પુરસ્કાર આપીને મેયરના હસ્તે ભદ્ર ચોક ખાતે સમાનિત કરાયા હતા.

.................................................................................................................

# GCCI TEXTILES POLICY

ગુજરાત સરકાર દ્વારા ગઇકાલે ટેક્ષટાઇલ્સ પોલીસીની જાહેરાત કરવામાં આવી છે. આ નવી નીતિની જોગવાઇઓને ગુજરાત રાજ્ય વ્યાપારી મહામંડળ દ્વારા આવકારવામાં આવી છે.

આ નીતિમાં કરેલી વિવિધ જોગવાઈઓ ટેક્સટાઇલ ઉદ્યોગને વેગ આપવા, અનેકવિધ રોજગારીની તકોનું નિર્માણ કરવા અને આ મહત્વપૂર્ણ ઉદ્યોગમાં વિવિધ સસ્ટેનેબલ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારનો આભાર વ્યક્ત કરાયો હતો.

નવી નીતિ વસ્ત્રો, ટેક્નિકલ ટેક્સટાઇલ, અને પ્રોસેસિંગ પ્રવૃત્તિઓ સહિત ટેક્સટાઇલ ઉદ્યોગના વિવિધ વિભાગોનો વિકાસ કરવા માટે તૈયાર કરવામાં આવેલ અનેકવિધ નાણાકીય પ્રોત્સાહનોને આવકારવામાં આવ્યા હતા.

આ જોગવાઇઓમાં  કેપિટલ રોકાણ પરત્વે સબસીડી રૂપિયા 100 કરોડની મર્યાદામાં આ યોજનાને પાત્ર વિવિધ કેપિટલ રોકાણો પર 10% થી 35% સુધીની સબસિડી, ક્રેડિટ-લિંક્ડ વ્યાજ સબસિડી 5થી 8 વર્ષના સમયગાળા માટે 5% થી 7% વ્યાજ સબસિડી જેવી જોગવાઇઓને GCCI દ્વારા આવકારવામાં આવી હતી.

.........................................................................................................

## BOARD EXAM

આગામી 27 ફેબ્રુઆરીથી 13 માર્ચ દરમિયાન ધોરણ-10 અને 12ની  બોર્ડની પરીક્ષા લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા SSC સાથે HSCની પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે વહેલી પરીક્ષાઓ યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યુ છે. આ વર્ષે ફેબ્રુઆરી મહિનાથી પરીક્ષાઓ શરૂ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ પરીક્ષાનો કાર્યક્રમ તેની વેબસાઇટ www.gseb.org પર પણ જાહેર કર્યો છે.

.........................................................................................................

## VAV ELECTION

ભારતના ચૂંટણી પંચ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત તા.18 ઑક્ટોબરના રોજ વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે તા.13 નવેમ્બર ના રોજ મતદાન તથા તા.23 નવેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

વાવ વિધાનસભા બેઠક માટે તા.18થી 25 ઑક્ટોબર, સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય ઉમેદવારીપત્રો ભરી શકાશે.વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ 321 પોલીંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા.15 ઑક્ટોબર સુધીમાં 1 લાખ 61 હજાર 293 પુરૂષ, ૧ લાખ ૪૯ હજાર 387 સ્ત્રી અને 01 થર્ડ જેન્ડર મળી કુલ 3 લાખ 10 હજાર 681 મતદારોનો સમાવેશ થાય છે. સ્થાનિક ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ગત લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વિજેતા થવાથી તેમના રાજીનામાના કારણે વાવ વિધાનસભા બેઠક ખાલી પડી હતી. 07-વાવ વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે તા.15 ઓક્ટોબરથી આદર્શ આચારસંહિતા લાગુ પડી ગઇ છે.

..........................................................................................................

## MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..........................................................................................................

## One Important Announcement

વધુ સમાચાર પહેલાં એક અગત્યની જાહેરાત...

આકાશવાણી, અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 23 વર્ષનાં સફળ વહીવટી કાર્યકાળ અંગે આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક અનિલ પટેલે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અજય ઉમટની લીધેલી મુલાકાત રજૂ કરવામાં આવશે.

કાર્યક્રમનું પ્રસારણ આજે રાત્રે 9-15 કલાકે 846 KHW અને 96.7 FM પર કરવામાં આવશે, જેની તમામ શ્રોતાઓએ નોંધ લેવી....

(અગત્યની જાહેરાત પૂરી થઈ)

.......................................................................................................................

## PORBANDAR FISHERIES

પોરબંદરના નવીબંદર તેમજ ગીર સોમનાથના ધામલેજ અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને અંદાજે 45 કરોડ, 50 લાખ રૂપિયાથી વધુના ખર્ચે પુનઃવિકસિત કરાશે. જેને પગલે પોરબંદર અને ગીર સોમનાથના 35 હજારથી વધુ માછીમારો તેમજ 8 હજારથી વધુ નાની-મોટી બોટોને સીધો લાભ થશે.

આ પ્રસંગે ઉપસ્થિત મત્સ્યોદ્યોગમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારે દરિયાઈ પ્રવૃત્તિઓને જોતા  મત્સ્ય બંદર અને ઉતરણ કેન્દ્રોના વિકાસ માટે અદ્યતન માળખાકીય સુવિધા પૂરી પાડવાનો નિર્ધાર કર્યો છે.

અપગ્રેડેશનની કામગીરીના ભાગરૂપે આ મત્સ્ય કેન્દ્રો ખાતે પ્રોટેક્શન બંડ, સ્લોપિંગ હાર્ડ, રોડ નેટવર્ક, ઑક્શન હૉલ, નેટ મેન્ડિંગ શેડ, બોટ રિપેરિંગ શોપ, દરિયાઈ સુરક્ષાને લગતી સુવિધાઓ, પાણીની સુવિધાઓનું નેટવર્ક, ફાયર સેફ્ટી સહિતની સુવિધાઓ વિકસાવાશે.

.......................................................................................................................

## WEATHER - RAIN

હવામન વિભાગે આજે કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર ઉત્તર ગુજરાતમાં દાહોદના કેટલાક ભાગોમાં પવન સાથે 30થી 40 કિલોમીટરની ઝડપે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રિના 8 વાગ્યા દરમિયાન 31 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં વલસાડના કપરાડા સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ તેમજ દિવના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે. રાજ્યના અનેક ભાગોમાં ફરી વરસાદી માહોલ સર્જાયો છે. સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો છે. આ તરફ મધ્ય ગુજરાત સહિત અનેક જિલ્લાઓમાં આગામી ચારથી પાંચ દિવસમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

.................................................................................................................

## Road Bhuva Baroda

વરસાદમાં પાણીના દબાણને કારણે ગટર લાઈનો તોડી પાણી બહાર આવવાના પરિણામે ભૂવા પડે છે.

વડોદરા શહેરમાં ભારે વરસાદ અને પૂરના કારણે 84 જેટલા ભૂવા પડ્યા હતા. જેને 3 હજાર ટ્રક જેટલી માટી નાખી રિપેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભૂવાના સ્થળે ગટર લાઈનને રિપેર કરવા 500 ઘન મીટર ક્રોકિંટ અને 36 મેટ્રિક ટન પાઈપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ મહાનગરપાલિકા દ્વારા સઘન કામગીરી હાથ ધરી માર્ગોને પુનઃ શરૂ કરવામાં આવ્યા છે.

........................................................................................................................

## Lion Darshan

આજથી ગિરનાર નેચર સફારી પાર્ક પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાશે. 16 જૂનથી 15 ઓક્ટોબર એમ ચાર મહિના બંધ રહ્યા બાદ આ નેચર સફાઈ પાર્કમાં આજથી સિંહ દર્શન શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે, અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ સિંહ સહિતના વન્ય પ્રાણીઓને નીહાળવા અને પ્રકૃતિનો આનંદ માણવા આવે છે. આજથી જ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટે તેવી શક્યતા જોવાઈ રહી છે.

........................................................................................................................